
સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન

# પંખ®

અંક ૬૪ | જુલાઈ ૨૦૨૨



આપણે છત્રી નહીં, માણસ હતા,
એટલે પલળ્યા નહીં, ભીના થયા.

– રિન્કુ રાઠોડ 'શર્વરી'

## ❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp
https://wa.me/916355953355

Telegram
https://telegram.me/pankhemagazine

Gmail
pankhemagazine@gmail.com

## ❖ અમને Follow અહીં કરો...

Facebook
https://m.facebook.com/pankhemagazine

Instagram
https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel
https://t.me/pankhemagazineofficial

Twitter
https://twitter.com/pankh_emagazine

YouTube
https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

## ❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website
https://pankhmagazine.com/

# પંખ e-magazine

## સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન પ્રકાશિત થતા કોઇપણ લખાણના વિચારો સર્જકના પોતાના છે. એ વિચાર સાથે ટીમ પંખના સભ્યો સહમત છે જ, એવું માની લેવું નહિ. આથી લખાણને લીધે કોઈ પણ વિવાદ ઉભો થાય તો એની જવાબદારી સંપૂર્ણપણે સર્જકની પોતાની રહેશે. 'પંખ' આમાં દરમિયાનગીરી કરવા બાધ્ય નથી.

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન કોઈ પણ પ્રકારે પ્રકાશિત સામગ્રીમાં મોટેભાગે સર્જકની પરવાનગીથી જ કૃતિ મુકવામાં આવે છે. ક્યારેક કોઈ સર્જકની પરવાનગી લીધા વગર એમની કોઈ કૃતિ કોઈપણ સ્વરૂપે મુકવામાં આવે તો એમાં અમારો એક જ શુભ આશય છે કે સર્જકના લખાણને બિરદાવવું અને ગુજરાતી ભાષા વાંચી શકતા મહત્તમ લોકો સુધી સર્જકોની કૃતિ પહોંચાડવી અને વધુને વધુ લોકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા.

● અમારું સ્પષ્ટપણે માનવું છે કે, કૃતિ લખાય જાય એ પછી લોકોની બની જાય છે. પણ એ સર્જવા માટે સર્જકે કરેલા શ્રમને યોગ્ય શ્રેય મળે, એ માટે કૃતિની સાથે એના સાચા સર્જકનું નામ જોડાય, એ અમારો મહત્તમ પ્રયાસ રહેશે.

● અત્રે, 'પંખ' કોઈ રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારધારા પ્રત્યે પક્ષપાત કરતું નથી. તદુપરાંત, 'પંખ' બિનવ્યવસાયિક ધોરણે કામ કરે છે અને અમારા માટે આ આર્થિક ઉપાર્જનનું સાધન નથી.

● ‘પંખ’ સંપૂર્ણપણે સાહિત્યિક હોવાનો દાવો કરતું નથી. આથી લાક્ષણિક ગુજરાતી સાહિત્યના બધા જ નિયમો પળાય, એ જરૂરી નથી. ‘પંખ’ ગુજરાતી મેગેઝીન છે, ગુજરાતી ભાષાનું મેગેઝીન નથી.



## યાજ્ઞિક વઘાસિયા

# સંપાદકની કલમે

## વરસાદની મજા

વરસાદ... વરસાદ... વરસાદ... કેટલો બધો વરસાદ! વરસાદ અને રસ્તા પર પડેલા ખાડા એકબીજાના સમપ્રમાણમાં હોય છે. વરસાદમાં એટલી અપાર શક્તિ રહેલી છે કે પબ્લિકના ટેક્સમાંથી આવેલી આવકમાંથી સરકારે અને સરકારી અધિકારીઓએ બનાવડાવેલા 'મજબૂત' રસ્તાઓ ફક્ત એના એક ઝાપટાથી પણ તૂટી જઈ શકે!

'પંખ'નો આ ચોસઠમો અંક છે. ફ્રન્ટ કવરમાં એક વ્યક્તિ હાથમાં છત્રી લઈને ઉભેલો દેખાય છે. એવું કહેવાય છે કે, જયારે વરસાદ આવતો હોય ત્યારે કોઈ વ્યક્તિ શ્રેષ્ઠ કામ એ કરી શકે કે વરસાદને આવવા દે. બસ... બીજું આપણાથી કશું થઇ ના શકે. વરસાદમાં મજા કરવાના અનેક રસ્તાઓ માનવજાત અનાદિકાળથી વિકસાવતી રહી છે. બંધ છત્રીને એક હાથમાં રાખીને હાથ ફેલાવીને વરસાદની મજા, ખુલ્લી છત્રી સામે રાખી અડધા ભીના થવાની મજા, ઉપર છત્રી હોય અને છતાંય પાણીના ખાબોચિયામાં છબછબિયા કરવાની મજા, પોતાની ફેવરીટ વ્યક્તિ સાથે બાઈક



પર બેસીને લોંગ-ડ્રાઈવની મજા, કારમાં બેસીને ગરમ ગરમ દાળવડા ખાવાની મજા, હાઇવે પરના ઢાબા પર બેસીને ચા પીવાની મજા, ઘરની બારી પાસે બેસી બહાર વરસાદ જોવાની મજા.....આખું લિસ્ટ ખૂટે નહીં એટલું છે.... તમે વરસાદને કઈ રીતે માણો છો?

આ અંકમાં તમને વૈવિધ્યપૂર્ણ વાર્તાઓ, લેખો અને કવિતા વાંચવા મળશે, જેની મજા તમે ગરમ-ગરમ નાસ્તા અને ચા સાથે લઇ શકશો. વાંચીને કહેજો જરૂર, કે અંક કેવો લાગ્યો...



# જસ્ટ બે મિનિટ

## નાચ

ડૉ. રંજન જોષી

રીટાને નૃત્યનો ખૂબ શોખ. બાળપણથી તાલીમ મેળવીને એટલે જ તો વિશારદ સુધી પહોંચેલી. શ્રવણ તેના નૃત્ય પર કાયમ આફરીન થતો. બંને એક જ જ્ઞાતિના ને સગામાં સગું. સગાં-સંબંધીઓએ આ બંનેને એક કરવાનું નક્કી કર્યું. બંને પરિવારો સુધી વાત પહોંચતા ગોળધાણા ખવાયા. બેક મહિનામાં સાસરિયાઓએ રીટાને હવે કોઈ કાર્યક્રમ ન કરવાની સૂચના આપી. રીટાએ સગાઈ રદ કરવાની તૈયારી બતાવી. વારાફરતી બધાં સગાં-સંબંધીઓ રીટાના પિતાને સમજાવવા આવતા, "નાચ છોડી દો તો ચાલે, નાક ન છોડાય." પણ રીટા મક્કમ રહી. તેણે પિતાજીને સમજાવતા કહ્યું, "સમય જ્યારે નાચ નચાવતો હોય ત્યારે બધાં સગાં સંબંધી કૉરિયોગ્રાફર બની જતા હોય છે. સમય પસાર થઈ જવા દો." એક મહિના પછી રીટાનું નામ રાષ્ટ્રપતિ એવોર્ડ માટે ઘોષિત થયું. સાસરિયાઓ બુકે લઈ રીટાનું અભિવાદન કરતાં કહેવા લાગ્યા, "હવે લગ્નની તારીખ નક્કી કરીને જ જશું. આ નાચે તો અમારું નાક વધાર્યું." રીટાએ શૉ-કેસમાં સ્થિત નટરાજની મૂર્તિને વંદન કર્યા.





સુરેશ દલાલ

# ગીત

ભટકી ભટકીને મારા થાક્યા છે પાય
હવે પંથ મારો ચાલે તો ચાલું ;
પોપચાં બિડાય ત્યારે ખૂંચે અંધાર
અને ઊઘડે ત્યાં સળગે અજવાળું.
વેદનાનું નામ ક્યાંય હોય નહીં એમ જાણે
વેરી દઉં હોંશભેર વાત ;
જંપ નહીં જીવને આ એનો અજંપો
ને ચેનથી બેચેન થાય રાત.
અટકે જો આંસુ તો ખટકે ; ને લ્હાય મને
થીજેલાં બિંદુઓ જો ખાળું !
સોસવાતો જાઉં છું સંગના વેરાનમાં
ને મારે એકાંત હું અવાક્.
આઘે જવાના કોઈ ઓરતા નહીં ને અહીં
થોભ્યાનો લાગે છે થાક ;
આંખડીના પાણીને રોકી રોકીને, કહો–
કેમ કરી સ્મિતને સંભાળું ?



સુરેશ દલાલ

## ગીત

આટઆટલી પથરાઈ છે રેતી તોયે સાવ એકલો દરિયો;
મોજાંઓની માયા અહીંયાં વહેતી તોયે સાવ એકલો દરિયો !

બપોરના સૂરજમાં એની એકલતા અમળાય
અને રાતના અંધારું થઈ એકલતા સંભળાય.

રંગરંગની માછલીઓ ને મોતી તોયે સાવ એકલો દરિયો !
મોજાંઓની માયા અહીંયાં વહેતી તોયે સાવ એકલો દરિયો !

પંખીની છાયામાં દરિયો કણસે ખારું ખારું,
તરડાયેલા તરંગથી હું ચહેરાને કંડારું.

ઝીણીઝીણી જાળ નજરની જોતી : મારો સાવ એકલો દરિયો
મોજાંઓની માયા અહીંયાં વહેતી તોયે સાવ એકલો દરિયો.



**બંસરી જોષી**

# અંતરકેડી

## મનડામાં મોતી બંધાણું

### ભાગ-૨



(ગત અંકમાં આપણે જોયું કે એક દી’ દેવુ ખેતરનો પાક વાઢી ઘર ભણી પાછી વળી રહી હતી ત્યાં દેવુની એક પડોશી બાઈ દોડતી દેવુ પાસે આવી ને બોલી, “ઝટ હાલો તમારા દીકરાએ ગળે ટૂંપો દીધો છે.")

દેવુએ તો પાવડા કોદાળી ફગાવી સીધી ઘર ભણી દોટ મૂકી. જુવાનજોધ દીકરાના આવા કારમા પગલાથી એ એટલી હેબતાઈ ગયેલી કે ઘડીવાર તો પોતાનો પ્રાણપંખેરું જ ઉડી જશે એવું એને લાગ્યું. ઘરનાં કમાડ સુધી પડતી આખડતી પહોંચી તો ગઈ, પણ ત્યાં લગ એનાં દીકરાનો દેહ પડી ગ્યો તો. જુવાનજોધ દીકરાનો  ચેતન વગરનો દેહ હાથમાં લેતાં દેવુનું કાળજુ કોરાઈ ગ્યું. એનાથી રાડ પડી ગઇ.

“હે મારા નાથ. આ કેવી કપરી કઠણાઈ નાંખી મારી માથે?" ને દેવુ માથે હાથ દઈ ઘેરો અજંપો ઓઢી કરૂણ વિલાપ કરવા લાગી. ગામવાળા વાવડ મળતા ભેગા થઇ ગ્યા. એય બધા દેવુનું હૈયાફાટ રુદન જોઈ નહોતા શકતા. આખરે એ બધાયે જ ભેગા થઈ દેવુના દીકરાની લાશ ઠાઠડીએ ચડાવી. દેવુને તો જાણે કાળજુ કાઢીને કોઈ લઇ જતું હોય એવી વેદનાથી એ માંહે વલોવાતી રહી. મરશિયા ગાતી બાયુ પણ હીબકે ચડી ગઈ. દેહને અગ્નિદાહ દેવાણો ત્યારે દેવુ ન્યા હાજર રહી. બૈરુ સમશાનમાં નો આવી હકે એવો ગામનો કડક નિયમ હોવા છતાં દેવુ પોતાના જણ્યા દીકરાને આખરની વિદાય દેવા પૂગી ગઈ.

ચિતાની અગ્નિમાં રાખ થતો પોતાના દીકરાનો દેહ જોતા જોતા રોઈ રોઈને લાલચોળ થઈ ગયેલી આંખ્યુંમાં ઈશ્વર પ્રતિ પારાવાર ફરીયાદુ હોવા છતાં

દેવુ કોઈ અકળ મૌન ધરી રહેલી દેખાણી. જાણે પોતાનું અડધું હૈયું હારોહાર રાખ થઈ ગ્યું હોય એમ એ રોતી કકળતી રહી પણ આખરે ઇ માવતર હતી. એક દીકરો હાથ છોડાવી વયો ગ્યો એટલે એનાથી એની જવાબદારિયું થોડી કાંઈ છૂટી જવાની હતી? પોતાનો નાનકો દીકરો તો આ મરણ ને જીવતરનાં ફેરાઓથી ક્યાં એટલો ઓળખીતો થ્યો તો? એની હામુ જોઈને એણે આહૂંડા લૂછી નાખ્યાં ને નાનકા દીકરાને પોતાના પાલવમાં દબાવી હિંમત ભેગી કરવા મથી પડી. ભડ ભડ બળતી મોટા દીકરાની ચિતાએ પોરો લીધો પણ દેવુની પીડાઓને ક્યાંય પોરો નહોતો મળતો. પોતાના નાનકાની હામુ જોતાં આ વસમી વેળાય મૂંગે મોઢે સહન કરી લેવા સિવાય દેવુ પાસે બીજો કોઈ આરો નહોતો.

સૂતક લગના બધા ક્રિયા કલાપ આટોપી એ ફરી પોતાના ખેતરને ખાતર પાણી દેવામાં જાતને જોતરાવા લાગી. જાજા દિવસે ખેતરનું મોં ભાળેલું એટલે ખેતરમાં નિંદામણ ઘણું ઊગી આવેલું. ઇ નીંદતા નીંદતાં એ વચારતી રહી કે આ તો  કેમે કરીને વાઢી નાંખીશ પણ હૈયે ઊગી આવતું પોતાના મોટા દીકરાનું વળગણ કઈ આરીથી વાઢી હકાશે? સંભારણાઓ પર આજ સુધી કોઈ તાળું લગાવી હકયું છે તે હું કોઈ કૂંચી ગોતી લાવીશ ને દરિયામાં ભરતી આવે એમ ભરી ભરીને આવતા મોટકા દીકરાની વાત્યુના સંભારણાંઓનો સંદૂક હાથમાં લઈ ઇ કૂંચીથી એને તાળું લગાવી હકીશ? આખરે કોઈ તાળું કે કોઈ કૂંચી કામમાં નહોતી લાગવાની. કામમાંયે દેવુનો જીવ માંડ માંડ લાગતો પણ પછી પોતાનો પૂરો જીવ નાનકા દીકરાનાં ભણતરમાં લગાવા માંડયો

પોતાનાં મોટા દીકરાની આવી વસમી વિદાયથી ઇ એટલી ડરી ગઈ હતી કે પોતાના નાનકા દીકરાને ખેતરે, પાદરે ને બધેય હારોહાર જ રાખતી એને પળવારેય પોતાનાથી નોખો નો થાવા દેતી.

એક દી' ની વાત છે બેઉં માં- દીકરો ખેતરેથી પરવારી ઘેર પહોંચ્યા. દેવુએ રોટલા ઘડયા ને વાળુ કરી બેય માં-દીકરો ખાટલે આડા પડયા. પરોઢ થઇ ને દેવુ કામ પરવારી દીકરાને જગાડવા ગઈ. માથે હાથ મૂક્યો ત્યાં તો દીકરો ધગધગે. આગ જેવો જવર(તાવ) એવો તે લાગ્યો કે દીકરો ખાટલો છોડવા તૈયાર નહીં. પોતાના નાનકાની હાલત જોતજોતામાં એટલી કથળી કે જવર માથે ચડવા લાગ્યો. નાનકો તો આંખ્યું ઊંચી કરવા

માંડ્યો. આ પહેલાય એના નાનકાને જવર થયેલો પણ આ દાણ ડીલ સીધુ જ આગનાં ગોળાની જેમ તપવા લાગ્યું. "શેનો જવર ને કઇ બીમારી?" દેવુને તો કોઈ કળ જ નહોતી વળતી. રાતોરાત વૈદુ કર્યું પણ જવર ટસનો મસ નહોતો થાતો. આખરે ગામમાં જે એક જ દાક્તર હતા એનેય બતાવ્યું, પણ જવર ખસતો નહોતો ને માથેથી 'વા' લાગી ગ્યો. 'વા' ના વમળમાં દીકરો એવો ઘેરાણો કે સપડાક કરતો જીવ ગુમાવી બેઠો. હજી તો દેવુ એની પાહે બેઠીતી ત્યાં જોતજોતામાં નાનકો હતો-નહોતો થઈ ગ્યો. દેવુની તો આંખો ફાટી ગઈ. દીકરાનું ધગધગતું પંડ અચાનક ઠંડુ ગાર જેવું થઈ ગ્યું. ચેતન વગરનાં દીકરાનો દેહ જોઈ દેવુ હેબતાઈ ગઈ. ઈ પોતાની આંખ્યુ ચોળી ચોળીને પોતાનાં નાનકાને આમતેમ હલાવતી જોતી રહી. ઇ એટલાં અજંપમાં ઉતરી ગયેલી કે એનાથી આક્રંદ પણ નહોતું થઈ શકતું. ઇ બસ એક ઘેરા શૂન્યમાં જાણે સરકતી ગઈ. પાડોશની એક બાઈએ આવી એને જોરથી કાનમાં કીધું, "દેવુ તારો નાનકોય ગ્યો..."

દેવું તો....

(વધુ આવતા અંકે....)





## તેજલ શાહ

# વાર્તા-સેતુ

## સુજાતા



પન્ના ત્રિવેદીની વાર્તા નાયિકા સુજાતાએ તમારી અંદર રહેલી ચળવળને પ્રજ્વલિત કરી જ હશે. પન્ના ત્રિવેદીની 'સુજાતા' ક્યારેક કવિતા માંડે તો એ પન્ના નાયકની આ કાવ્યપંક્તિને કાંખમાં લે ..

**'પોતાની આંખ હોય પોતાની પાંખ હોય,**

**પોતાનું આભ હોય પોતાનું ગીત હોય,**

**મારી માલિક હું મારે તે બીક શી?**

**હું તો મૌલિક છું.**

**હામાં હા કહીને ઠીક ઠીક રહીને,**

**મને ઠીક ઠીક રહેવાનું મંજૂર નથી.'**

પન્ના નાયકની 'સુજાતા' જો પોતાનું મનોવિશ્વ છતું કરે તો એ પન્ના નાયકની જ પંકિતનો આશરો લે અને કહે,

**'કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ,**

**ટહુકયા કરવાનું મને મંજૂર નથી,**

**કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે,**

**અને ઈચ્છા મુજબ મને ઝંખ્યા કરે,**

**જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું**

**મને આવું અઢેલવાનું મંજૂર નથી.'**


સીધું ને સટ કહેવું હોય તો પન્ના નાયકનો વાર્તાસંગ્રહ છે- 'ફ્લેમિંગો'. એમાં એમની વાર્તાનું શીર્ષક છે 'સુજાતા' અને એજ નામ વાર્તા નાયિકાનું. ગતાંકે જે વાર્તા આપણે માણી એનાં મુખ્ય પાત્રનું નામ પણ સુજાતા જ હતું. બંને લેખિકાઓના નામની જેમ એમની વાર્તાનાયિકાઓના નામમાં પણ સામ્યતા છે. છતાં બંને નાયિકાના સંઘર્ષો તદ્દન જુદા છે. એકે બહારની દુનિયા સાથે લડવાનું છે અને બીજીએ એકલતામાંથી બહાર આવી પોતાની દુનિયા શોધવાની છે. બંને વાર્તાઓ, એની ગૂંથણી અને સામ્યતાઓ વચ્ચેના પિષ્ટપેષણનો અહીં અંત આણીએ અને શરુ કરીએ પન્ના નાયકની વાર્તા 'સુજાતા'.

સુજાતા વૉશિન્ગટન ડી.સી.માં કોન્ફરસન્સ પતાવીને ફિલાડેલ્ફિયા આવવા નીકળી. સ્ટારબક્સમાં ગઈ. કોફી નહિ, પણ ચા લીધી. પીતાં પહેલાં એનો મસાલો ઉમેરીને પછી જ પીધી. જોનાર તો મજાક કરે જ. સુજાતાનો જવાબ તૈયાર હોય, “યુ કેન ટેક મી આઉટ ઓફ ઈન્ડિયા બટ યુ કેન નોટ ટેઈક ઈન્ડિયા આઉટ ઓફ મી..."

ટ્રેનમાં બેઠી. પુસ્તક ખોલ્યું અને એવી ઈચ્છા પણ કરી કે સામેની સીટ પર કોઈ ના આવે તો સારું. એણે 'માઇગ્રેટરી બર્ડ્સ' પુસ્તક પૂરું કરવું હતું. એ શીર્ષક પર હસી. યુનિવર્સીટીની લાઈબ્રેરીમાં આવ્યું ત્યારે એ પુસ્તક પક્ષીઓને લગતું છે સમજીને બાયોલોજીની લાઈબ્રેરીમાં મોકલવામાં આવ્યું ત્યાંથી ચિઠ્ઠી સાથે પાછું આવ્યું કે એ પક્ષીઓ માટે નહિ પણ એવા ઈમિગ્રેન્ટ્સ પરનું છે જે પક્ષીઓની જેમ દેશમાં અને અમેરિકા વચ્ચે અવરજવર કરતાં હોય. સુજાતા પોતે પણ એમની એક જ હતી ને!

ધારેલું થતું હોય તો બીજું મનુષ્યને જોઈએ શું? સામેની સીટ પર એક લેડીએ આસન જમાવ્યું. સુજાતાએ પુસ્તક ખોળામાં રાખી ફરી બારીની બહાર જોયું. શિયાળાને કારણે વનરાજી નહોતી. ફક્ત મેરીલેન્ડનાં ગોઠવેલાં અને ગોઠવાયેલાં ઘરોની પેટર્ન. એનું પુસ્તક ક્યારે એના ખોળામાંથી પડી ગયું એને ખબર પણ ન પડી. સામે બેઠેલી સ્ત્રીએ એનું ધ્યાન દોર્યું. વાતચીતે રશિયન છે એવું જાણવાં મળ્યું. એ સ્ત્રીએ વળી એમ પણ કહ્યું કે, "એને ઘર યાદ આવે ત્યારે રશિયનમાં વાંચે."

સુજાતા પોતાના વિચારોમાં ખોવાઈ ગઈ. એને “હવે મારુ ઘર ક્યાં?” એવી કોઈની કવિતાની અંતિમ પંક્તિ યાદ આવી ગઈ. એને એનું મુંબઈનું ભર્યુંભાદર્યું ઘર યાદઆવ્યું. બા, બાપુજી, ભાઈઓ ભાભીઓ, બહેનો, ભત્રીજા-ભત્રીજીઓ. એક આદર્શ સયુંકત કુટુંબ. મનોહરને પરણીને એ અમેરિકા આવી. એ વાતને વર્ષો વીતી ગયા. હવે એ ઘરે પહોંચશે ત્યારે હંમેશની જેમ જ ઘર બંધ હશે. પોતે ચાવીથી બારણું ખોલશે અને બારણાંને એક પગે થોડો ધક્કો મારી અંદર જશે. અંદર તો અંધારું હશે. સુજાતા એના ખાલીપણાની વાત મનોહર જીવતો હતો ત્યારે પણ કરેલી. મનોહર એ કયારેય સમજી શક્યો નહિ. એ તો રિટાર્યડ થઈને એની બાની સેવા કરવા મુંબઈ ગયેલો. પછી પાછો આવેલો નહિ. એ ગયો



એનો સુજાતાને રંજ નહોતો. એને એનું ભણાવવાનું હતું. તેજસ્વી વિદ્યાર્થીઓ હતાં. અમેરિકન અને ભારતીય સરસ મિત્રો હતા. લેખનપ્રવૃત્તિ હતી, સારો પાડોશ હતો અને બાજુમાં રહેતો જિમ બટલર એનું ધ્યાન રાખતો હતો.

સુજાતા ભૂતકાળમાંથી બહાર આવવા મથી રહી. છેવટે એણે બહાર પડતા સ્નો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાની કોશિશ કરી અને રશિયન સ્ત્રી સાથે, “કેટલો સ્નો છે નહિ?” - એવો વાર્તાલાપ શરુ કર્યો. જોકે એને તરત ભાન થયું કે રશિયનને વળી સ્નોની શી નવાઈ? હા, પોતે જયારે અહીં આવી ત્યારે પોતે મનોહર સાથે બરફના ગોળા બનાવીને રમતી. હવે તો સ્નો પડે તો એને પણ શવલ કરવાનો જ વિચાર આવે! જોકે એની વિચારયાત્રા રશિયન સ્ત્રીએ, “મારા પતિ મને લેવા આવવાના છે, એ રાહ જોતા હશે. ટ્રેન મોડી તો નહિ પડે ને?" એવા પ્રશ્નથી થંભાવી દીધી.

રશિયન બાઈનો પતિ એને લેવા આવશે. બાઈ એના નિયત સ્ટેશન પર ઊતરી ગઈ. થોડીવારમાં 'નેક્સ્ટ સ્ટેશન ફીલાડેલ્ફીયા' એવી બૂમ સંભળાઈ. સ્ટેશન આવવાની રાહમાં એ દરવાજા પાસે આવીને ઊભી રહી અને વિચારી રહી.... “ફીલાડેલ્ફીયા નેક્સ્ટ”.... પછી?.......

આપના પ્રતિભાવ tejnikalme@gmail.com પર અવશ્ય મોકલશો.






અર્ચિતા દીપક પંડ્યા

# લઘુ-નવલ

## તડકા ભીનાં મૃગજળ



આપણે જોયું કે...

મૃગાને એક જૂનો પ્રેમપત્ર મળે છે. કોનો હોઈ શકે? એ વિચાર એને વિહ્વળ કરે છે, પણ બાબા ધર્માનંદની પધરામણીનો પ્રસંગ હોવાથી એ વાંચી નથી શકતી. ત્યાં એક અકસ્માત પછી મૌલિનનું અલગ રૂપ એને જોવા મળે છે. પારુમાની નજરમાં કોઈ ઓળખીતું દેખાય ગયું હોય એવું લાગ્યું. મૃગાએ નજર ચારે તરફ ફેરવી પણ કોઈ દેખાયું નહિ. હવે આગળ...

**પ્રકરણ : ૧૩ : સત્સંગ કે અસંગ?**

સ્નેહની ચાદરમાં શંકાનો તણખો છેદ પાડે એવી જ રીતે પારુમાના હાવભાવની એક નાની ભંગિમાએ મૃગાને આશંકિત કરી દીધી. એણે પારુમાના ચહેરાને ફંફોસ્યો, પણ સ્વસ્થતા ધારણ કરેલા ચહેરા પાસેથી શું પામી શકાય? મૃગાની નજર પારુમાની સામેની બાજુ સાધકવર્ગ તરફ ફરતી રહી, કદાચ કોઈ પરિચિત દેખાય. પણ આશ્ચર્ય! કોઈ દેખાયું નહિ અને એમાંય એક સાધકની જગ્યા ખાલી હતી! એણે પારુમાને રન્નાબેનની બાજુમાં બેસાડ્યા અને પોતે શૈલાની બાજુમાં પોતાની દ્વિધા લઈને બેસી ગઈ.

થોડા સમય પહેલાનો અસ્વસ્થ મૌલિન તો જવાબદારીપૂર્વક એરકુલરની દિશા વ્યવસ્થિત કરાવતો હતો, જેથી ભક્તોને તકલીફ ન પડે. એનું મન પાછું ભક્તોની સગવડમાં વ્યસ્ત મૌલિન પર સ્થિર થઈ ગયું. મૌલિનનું વર્તન દરિયાની ભરતી-ઓટ જેવું હોય છે એવો અનુભવ આ પહેલા પણ મૃગાને થયો હતો. બહારના લોકો સાથે મૌલિનનું વર્તન ઘણું સહજ લાગતું. અટપટી સમસ્યા કે ઘટનાને પળવારમાં ચપળતાથી સાંભળી લેતો!

મૃગાના મનમાં વિચાર ઝબક્યો, કે જે વ્યકિતનો બહાર આટલો દબદબો છે તો ઘરમાં કેમ આવો હોય છે! બિલકુલ અસહજ વર્તન અને બધાંની જોડે જણાતો લાગણીનો ખાલીપો. કોઈ હક્ક નહિ કોઈ ફરજ નહિ બસ સ્થિર થઈ ગયેલા પાણી જેવી સ્થૂળતા. એની પાછળ પણ કોઈ કારણ હોઈ શકે? ઘરનાંનો સ્વભાવ કે પછી કોઈ ઘટના? કોઈ માનસિક આઘાત કે એની સાથે કોઇએ કરેલો અન્યાય?

વિચારોનાં વંટોળમાં એક વલય સ્વામીજીના પ્રવચનનું પણ આવ્યું. શબ્દો મૃગાનાં કાને પડ્યા.

“જ્ઞાનયોગ કહે છે કે જે નથી એ જોવું એ જ અજ્ઞાન છે.”

તર્કશીલ મૃગા જોવા લાગી એક ચિત્રપટ. વ્યક્તિ પણ જે છે એ નથી દેખાતો અને કાયમ જે દેખાય છે એવો જ નથી હોતો!

મક્કમ અને નેતા બની ગયેલો મૌલિન ઋજુ અને સંવેદનશીલ બની જઈ શકે છે અને કવનજીજુ... જેને ક્યારેય બધાંની વચ્ચે બોલતા પણ સાંભળ્યા નથી, એવા શાંત હોવા છતાં એ શૈલાને પીડા આપે છે. એનાંથી શૈલા સામે જોવાઈ ગયું. શૈલા પોતાની દુનિયાથી દૂર બાબાના પ્રવચનમાં શાંતિ શોધતી બેસી રહી હતી.

બાબા અવિરતપણે બોલતા હતા.

“હરખ - શોક, સુખ-દુઃખ ખરેખર તો કશું અસ્તિત્વમાં જ નથી. આત્મ-સ્વરૂપનું ચિંતન અને મનન એ જ જ્ઞાનયોગ છે. જ્ઞાનયોગ જ પ્રેક્ટિકલ અને વર્કેબલ સોલ્યુશન છે. સાયન્સ ઓફ સેલ્ફ..!”

મૃગાનું મન આ જ વિચારોમાં ગૂંચવાયું.

“આ તો ભલે ધર્મ કહેવાય, છે બધાં માટે ઉપયોગી, સાયન્સ ઓફ સેલ્ફ...”

સામાન્ય વ્યક્તિનું પણ વિજ્ઞાન. વ્યક્તિ સારી કે ખરાબ નક્કી થાય એનાં વર્તન અને કાર્યોથી. આત્મા પવિત્ર હોય પણ મન એક આવરણ રચે છે પોતે અનુભવેલી લાગણીનું. એથી વર્તન બને છે અને વર્તનથી વ્યક્તિત્વ. મૃગા માટે જ્ઞાનનો આ દ્રષ્ટિકોણ નવો હતો. એને થયું આ રીતે વિચારીશ તો દરેક વ્યક્તિ તરફ જોવાની મારી દ્રષ્ટિ જ બદલાઈ જશે.

વ્યક્તિ પોતાના ભૂતકાળની છાપ સાથે લઈને આગળ ચાલે છે. પોતાની જ વ્યક્તિઓના માનસિક વિશ્લેષણમાં ખોવાયેલી મૃગાનું પ્રવચનમાંથી ધ્યાનભંગ થયું.

"મૌલિનની નજીક હું જ નથી ગઈ તો મને એનાં મનમાં શું ચાલી રહ્યું છે કેવી રીતે ખબર પડે? હું તો અપેક્ષાની ઝોળી લઈને બેઠી હતી એની સામે! મારા જીવનનો પહેલો પુરુષ! મને પ્રેમથી તરબોળ કરશે, સાચવી લેશે. મારે પણ એને કંઈક આપવાનું હતું એ તો ભૂલી જ ગઈ હતી!" ફરી એને લાગ્યું કે સામે બહુ મોટો દરિયો છે અને એણે પાર કરવાનો છે!

દરેક વ્યક્તિ સાથે બંધન રહે એનું એક કારણ હોય છે તો એનાંથી વિમુખ થવા માટે પણ એક કારણ જ બસ છે. તે છતાં સંસારચક્રમાં એક વખત જોડાયા પછી અલગ થવું બહુ અઘરું છે. ત્રણ વર્ષ પહેલા મૃગા ત્રાસિત વ્યક્તિની જેમ અજાણ્યા શહેરમાં નોકરી લઈને ચાલી ગઈ હતી. હવે એ જ મૃગા અહીં લાગણીનાં તાણા-વાણામાં ગૂંથાય છે, એ જ નિયતિ. જેની પર ગુસ્સો હતો એ વ્યક્તિ તરફ કૂણું મન થવું અને જન્મથી જેને ચાહતી આવી હતી એ એક માત્ર સગા, પારુમા પ્રત્યે એને ન સમજાય એવી શંકાની લાગણી થવા લાગી.

બપોર પછીના પ્રવચનમાં હવે ઘણાં બધાં લોકો જોડાયા. વિશુમાસીને જોઈને જીવનમાં પહેલીવાર એમને પારુમાનો ભૂતકાળ પૂછવાની ઈચ્છા થઈ આવી. ત્યાં તો સંધ્યા આરતીનો સમય થયો અને પછી પ્રસંગ રાત્રિભોજન બાજુ દોરવાયો. એવામાં મૃગાનું ધ્યાન ગયું કે પાર્કિંગમાંથી કોઈ દોડતું મૌલિન તરફ ગયું અને કાનમાં કંઈક સંદેશો આપ્યો. મૌલિન ઊભો થઈને બહાર ગયો. મૃગાએ નોંધ્યું પણ પછી બધાં વડિલોને ભોજન માટે મદદ કરવા લાગી.

પારુમા અને રન્નાબેન બંને વેવાણો ઘણાં વખતે મળ્યાં. નાનકડી ખુશી પણ ઘણાં લોકોને મળીને ખુશખુશાલ થઈને વ્હીલચેરમાં બેઠી બેઠી હસીને તાળી પાડતી હતી. શૈલા જમવાનું પૂછતી હતી ત્યાં ખુશીએ જીદ પકડી કે મને તો ભાભી જ જમાડશે. રન્નાબેન થોડા ખચકાયા પણ પારુમાએ કહ્યું, "બંને નણંદ-ભોજાઈને ખૂબ ભાવ છે તો ભલે ને મૃગા જમાડતી. નહિ તો તમે ક્યારે છૂટા થઈ શકવાના?" મૃગાએ હસતાં હસતાં એ જવાબદારી લઈ લીધી અને બગીચાની લોનમાં જ રોકાઈ ગઈ. રન્નાબેને મૃગાના ગાલ પર હાથ ફેરવીને વહાલ કર્યું. મૃગાને ખૂબ ગમ્યું જે એના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ આવ્યું. વેઈટર ખુશી માટે ડીશ પીરસીને લાવ્યો એટલે રન્નાબેન તથા પારુમા જમવા જવા આગળ વધ્યા. ખુશીને હસાવીને મૃગા જમાડવા લાગી. આ એક નવો જ અનુભવ હતો. પોતાનાથી થોડાક જ વર્ષ નાની

નણંદ ઉંમરથી હજુ બાળક હતી. એને જમાડતા મૃગાએ વિચાર્યું કે આ નિર્દોષતામાં કેટલી સાત્વિકતા છે! અડધો કલાક જેવો સમય ક્યાં વીતી ગયો એ ખબર જ ન પડી. બધાં જમીને આવ્યા એટલે રત્નાબેને કહ્યું,

"તું અને મૌલિન જમી લો બેટા!"

"અચ્છા, મૌલિન જમ્યો નથી હજુ? હું બોલાવી લાવું."

મૃગા મૌલિનને શોધવા લાગી. સામે પ્રથમ મળ્યો.

"મૌલિનને જોયો ક્યાંય?"

"મેં છેલ્લે એને પાર્કિંગ બાજુ જતો જોયો હતો."

"મેં પણ.. હજુ પાછો નથી આવ્યો? અમારે જમવાનું બાકી છે."

"હું બોલાવી લાવું?"

"ના, ના. તું જરા ઉતારા પર આંટો મારી આવજે. કોઈ સાધકને કંઈ તકલીફ તો નથી પૂછી આવજે."

"ઓ કે." કહી પ્રથમ ચાલવા લાગ્યો. મૃગા મૌલિનને શોધવા પાર્કિંગ તરફ આગળ વધી.

આગળ જતાં શૈલા અને કવનને જોઈ મૃગા થંભી. કવનનાં હાથમાં રહેલી દીકરી આર્યા શૈલા તરફ હાથ લંબાવીને રડતી હતી. શૈલા મક્કમતાથી કવન જોડે વાત કરી રહી હતી. મૃગા આગળ વધી.

"આર્યા... અરે, તું તો મને મળી જ નહિ ને? કેમ છો જીજુ. તમે જમ્યા?"

"હા, હા.. જમ્યા ને. હું શૈલાને કહેતો જ હતો કે હવે ઘરે જઈએ. એ તને મળવા માટે જ રોકાઈ હતી. સારું થયું તું આવી ગઈ મૃગા. હવે મોડું થયું છે અમે નિકળીએ."

"શૈલા આજે નહિ રોકાય? હજુ કાલે પણ આજ રીતે પૂજા અને પ્રવચન છે."

"સવારે વહેલી આવી શકે ને?" કવનના અવાજમાં ન સમજાય એવી કડકાઈ હતી.

મૃગાએ શૈલા સામે જોયું શૈલા જાણે ટેકો માંગતી હોય એમ લાચારીથી મૃગાને વિનવણી કરી રહી હતી.

મૃગા સમજી. એણે કવનને કહ્યું,

"શું વાત છે જીજુ? તમે તો પ્રેમમાં એકદમ મુનાસિર થઈ ગયા છો ને કંઈ? મારી બહેનપણી તમને આટલા કાયલ કરી દેશે એ નહોતી ખબર!"

"અરે, એની ઘર પ્રત્યે ફરજ નથી? ઘરનાં કામ હવે મારી મમ્મી ન કરી શકે!"

"ડોન્ટ ફિલ બેડ જીજુ! આજનો દિવસ તમે ચલાવી લો પ્લીઝ. કાલે શૈલા ઘરે આવી જશે."

"મૃગા, કાલે સવારે વહેલી આવી શકે.. "

"જીજુ, મારે લહાણી, ભેટ વગેરેનું પેકિંગ બાકી રહી ગયું છે,આજે રાત્રે જ કરવું પડશે. એ અલગ અલગ કરવા માટે પણ કોઈ હેલ્પર જોઈશે. હું અને શૈલા ઘણાં વખતથી સાથે પણ નથી રહ્યા."

"હવે એક કામ કરીએ તારી બહેનપણી ઉપર જ છોડું છું. એ પતિને પસંદ કરે છે બહેનપણીને?"

શૈલાનું મોં પડી ગયું. એ જાણતી હતી કે કવનથી વધારે એ કોઈને ચાહે છે એવું સાબિત થશે તો પણ કવન એને ઘણી ખરી ખોટી સંભળાવશે. શૈલા મુશ્કેલીમાં મૂકાઈ ગઈ. કવનનો ગુસ્સો એનાં પર કઈ કઈ રીતે નિકળશે એ પણ શૈલા જાણતી હતી. એનાં મોં પર ભય વ્યાપી ગયો. શૈલાને રોકાવું છે પણ એને ઘરે જવાની ફરજ પડાય છે એ મૃગા સમજી ગઈ.

એણે બાજી હાથમાં લીધી,

"જીજુ, આજે તો હું શૈલાને તમારી સાથે આવવું હોય તો પણ હું જ રોકી લઈશ, મારા સમ!"

મૃગા શૈલાનો હાથ પકડીને ખેંચવા લાગી. એ જોઈ અકળાયેલા કવને રિમોટથી કારનું બારણું ખોલીને આર્યાને બેસાડી.

મૃગાએ શૈલાને 'ડરીશ નહિ' એવું આંખનાં ઈશારાથી કહ્યું. બંને જણાં પાછા ફરી રહ્યાં હતાં ને એમને કોઈનો મોટે સાદે બોલવાનો અવાજ આવ્યો. મૃગાને અવાજ અને લહેકો જાણીતા લાગ્યા. કોઈ દક્ષિણ ભારતીય હિન્દીમાં વાત કરતો હોય એવો. મૃગાને જિજ્ઞાસા થઈ. પાર્કિંગની પાળી પાછળ એણે નજર કરી તો અવાક્ થઈ ગઈ.

"આ તો નાગરાજન્!"

'હું તને જોઈ લઈશ' - એવું કહેતો નાગરાજન્ બે આંગળી આંખ બાજુ લઈ જઈ, પછી મૌલિન તરફ ધમકીની સાંકેતિક ભાષાનો ઉપયોગ કરતો કરતો ત્યાંથી નિકળી ગયો. વિફરેલા સિંહ જેવા મૌલિનને ત્રણ જણાએ પકડ્યો હતો!

મૃગાના મનમાં એવો ધ્રાસકો પડ્યો કે એની ભૂખ જ મરી ગઈ.

(વધુ આવતા અંકે...)





ઝવેરચંદ મેઘાણી

# REWINDING...

## બુરાઈના દ્વાર પરથી

ઝમકુ અને જમન ચીભડાં વેચવા બેઠાં હતાં. શાકપીઠની અંદર હાટડું ભાડે રાખવાની બે દા'ડા સારું શી જરૂર, એટલે શેરીમાં રસ્તા ઉપર પછેડી પાથરીને ચીભડાં મૂક્યાં હતાં. પણ બેના ચાર દિવસ થઈ ગયા હતા. જુવાન જોડલું હતું. ચમનલાલ શેઠના 'બાથરૂમ'માં જઈને એક વાર જો તેલનું મર્દન લઈને માઈસોરી સુખડના સાબુથી અંઘોળ કરે અને ટુવાલે શરીર લૂછે, તો મજૂર અને વાણિયા વચ્ચેનો રૂપ-ભેદ કોણ પારખી શકે? - એવાં એ જમન અને ઝમકુનાં લાવણ્યવંતાં, ઘાટીલાં અને લાલ ચટકી ઊપડતાં શરીરો હતાં. સંસાર જો તપોવન હોય અને પરસેવો ટપકાવીને પેટ-ગુજારો કરવો એ જ સાચો યજ્ઞ હોય, તો તો આ બેઉ જણાં સાચો યજ્ઞ જ કરી રહ્યાં હતાં. બેઉ ઉપવાસી હતાં, ધૂપમાં બેઠાં હતાં, એક આસને બેઠાં હતાં; ધૂળના વંટોળા ગરીબીના હવનના ધુમાડા-શા ઊડતા હતા અને બેઉના મોં ઉપર આનંદનો ઉજાસ મલકતો હતો.

“હવે બે ફાંટ મતીરાં રિયાં છે, ઝટ નીકળી જાય તો ભાગીએ."

“હા, હવે રોટલા પણ એક ટંકના જ બાકી છે, બે દિ'ના ઘડી લાવી'તી; તેને સાટે ચાર દિ' ગદરી ગયા. માતાજીએ સે' પૂરી, ખરું?”

“પણ હવે રોટલા કાં'ક સુકાણા, હો! ભેળું કાંઈ શાક-અથાણું ન મળે ખરું ને, એટલે પાણીને ઘૂંટડે-ઘૂંટડે...”

“અરે, તમે જુઓ તો ખરા! હોશિયાર થઈને આટલાં ચીભડાં કાઢી નાખો ને, એટલે સાંજે ને સાંજે અમરાપર ભેળાં થઈ જઈએ. અધરાત થઈ ગઈ હશે ને, તોય મારી મા ઊના-ઊના રોટલા ઘડી દેશે, ને હું લસણની ચટણી વાટી નાખીશ, માટે તમે હંમત રાખીને આટલાં વેચી કાઢો-મારો વાલો કરું."

નાના બાળકને પ્રોત્સાહિત કરતી હોય તેવે શબ્દે ધણીને ચાનક આપતી બાઈ પોતાના ધાવણવિહોણા નાના બાળકને પાલવ ખેંચીને ઢાંકતી હતી, પણ પાલવ તાણવા જાય છે ત્યાં પાછી બીજી બાજુ પીઠ ઉઘાડી થઈ જતી હતી; છોકરો છાતીમાં માથું મારમાર કરતો હતો.

“પણ ઘરાક આવે છે જ ક્યાં?"

“અરે, આવે શું નહીં? તમે મોઢામાંથી કાં'ક બોલો તો-તો હમણાં આવેઃ મોરલીને માથે નાગ આવે એમ આવે, આમ જોવોને : આખી પીઠમાં કાછિયા કેવી-કેવી બોલી કરીને લલકારી રિયા છે! તમે તો, ભૂંડા, જીભ જ હલાવતા નથી.”

"મને એવું વેણ કાઢતાં ને સમે રાગે નાખતાં આવડે નહીં."

"નો આવડે શું?'" ધીરે સૂરે બાઈ પુરુષને પઢાવવાં લાગી : '"એ આ સાકરિયા મેવા ! એ આ મધના ઘડા લઈ જાવ! અમૃતના મેવા લૂંટી જાવ!.... લ્યો, બોલો એમ!"

લજામણીનો છોડ જાણે : એનું જડબું ફાટ્યું જ નહિ, નીચે જોઈ ગયો.

"ઓય માટીડો! નારી ઘડતાં-ઘડતાં ભૂલથી નર ઘડ્યો લાગે છે ભગવાને." એમ કહેતીકને બાઈ પોતાના ગળચટા ગળાના સૂર કાઢવા લાગી :

"બે જઈના શેર! આ અમરતના કૂંપા બે પૈસાના શેર! આ સાકરટેટી બે જઈની શેર! આ મીઠા મેવા બે પૈસે શેર!''

એક ખેસધારી વેપારી આવીને ઊભા રહ્યા. ઘેરે વિવાહ છે; સાંજે જાનનાં માણસોને પીરસવા ચીભડાનું શાક કરવું છે. પૂછે છે:

"શો ભાવ?"

"બે પૈસે શેર, બાપા! અમૃત રોખો માલ!''

"આનાનાં અઢી શેર તો ઓલી દુકાને આપે છે.''

"ના, બાપા; અમારે પોસાય નહિ. અમે પરગામથી આવેલ છયેં! ચાર દિ'થી ખુવારના ખાટલા છે અમારે. નદીમાં ધૂંટીઓ ગાળી-ગાળીને, માટલાં સારી-સારીને વાડા પાયા છે, ભાઈ! કેયના મકોડા નોખા થઈ ગયા છે.! ''

"ઈ ઠીક; મહેનત વગર કાંઈ થોડો રોટલો મળે છે!" રૂના સટ્ટા રમનાર વેપારીએ ઝમકુને ભોંઠી પાડી. "લે-એક વાત કર, એટલે હું આખી ફાંટ લઈ લઉં, મારે ઘેર જાન આવવાની છે. ''

"અરે, મારા ભાઈ ! જાનને જમાડવી છે, હજારું રૂપિયા ખરચીને વિવાહ માંડેલ છે, એમાં અમને ચાર-છ આના ખટાવતાં શું બીઓ છો? એમાં તમને કેટલોક કસ રે'શે?''

"લાંબી વાત નહિ, આનાનાં ત્રણ શેર તોળી દેવાં હોય તો દે. તારાં સડેલબડેલ, અડધાં ચીરેલાં – તમામ લઈ જાઉં.''

"ના, ભાઈ; પેટના પાટા ન છૂટે."

"ઠીક ત્યાર; બેઠાં-બેઠાં ફાંકો ધૂળ આંહી બે દિ'સુધી,''

વેપારી ભાઈ હાટડે-હાટડે અને નીચે બેઠક કરીને વેચનાર એકોએકની પાસે ફરે છે. વારંવાર એની ટાંપ આ મજૂર બેલડીની ફાંટ ઉપર મંડાય છે.

જમન-ઝમકુના અંતરમાં આ વાત પરથી વિચારનું જાણે કે એક વલોણું ચાલવા લાગ્યું :

"આ શેઠીયાઓ; હજારું ના રળનાર, અને હજારુંના ધુંવાડા કરીને વરા ઉકેલનારા પણ શાકપાંદડાંની વાતમાં પાઈ પૈસાની ગણતરી છોડતા જ નથી,''

"કોણ જાણે આપણે કઈ મેડીયું ચણાવી નાખીએ ક્યે આ કમાણીમાંથી!"

"ઈ વેપારીયુંની વિદ્યા જ અવળચંડી, બાપ-દીકરાને પે'લું શાસ્તર જ ઈ પઢાવે કે આગલા પાસેથી કસીને લેવું અને સામાને છેતરે ઈ

ચડિયાતો.“

એવી વાતો થાય છે ત્યાં તો એક બાઈ રૂમાલ લઈને આવી ઊભી રહી : હાથ-પગ અને ડોકમાં હેમના દાગીના છે; પગમાં ચંપલની જોડી છે; ઝીણો સુંદર સાડલો છે; નાની શી કોથળીમાં પૈસા ઠીક-ઠીક છે.

“કેમ દે છે ચીભડાં?“

“બે પૈસા શેર, બોન!”

“અરે, એવું તે હોય? તમે મજૂર તો હવે લૂંટવા બેઠાં. લે, જોખ એક શેર. મારે મંદિર જવાનું મોડું થાય છે...એમ શેની જોખ છે? જો, કડી ચડી ગઈ છે ત્રાજવાની ને નમતું જોખ બરાબર: છોકરાં ફોસલાવ મા.’’

“લ્યો, બોન! – આ નમતું.” કહીને ઝમકુએ દોઢ શેરથી ઝાઝેરો માલ જોખી આપ્યો.

“હવે એક ચીર દે આ પાકા ચીભડાંમાંથી.” શેઠાણીએ એક કાપેલ ચીભડા ઉપર બણબણતી માંખો ઉડાડીને એમાંથી ચીર માગી.

“હજી પાછી ચીર, બોન!”

“હાસ્તો, **મત ક્યાં** દેછ? મારો છોકરો ઘેર જતાં જ માગે- ખબર છે?’’

“પણ, બોન,” ઝમકુને એ અક્કેક પલકે પોતાનો મહેનતે ઉઝેરેલ વાડો, મથી મથીને ગાળેલ ફંટીઓ અને માટલે માટલે સારીને ત્રણ મહિના સુધી લાગલાગટ પાયેલ પાણી સાંભરી આવતાં હતાં. શિયાળવાં અને હરાયાં ઢોર હાંકી-હાંકી ઉજાગરા તાણેલા.

“લાવ, ચીર દેછ કે? નીકર આ લે તારું ચીભડું પાછું.”

ચીર દેવી પડી. કેમ જાણે કલેજામાંથી ચીર કાપી આપવી પડી હોય, એવું દર્દ એના અંતઃકરણમાં થયું. “આવા જીવ શે થઈ જાતા હશે આ પૈસાવાળાના!”

“માટે જ આપણે નિર્ધન રહ્યાં સારાં.”

“ના, ના ; મને તો દાઝ ચડે છે કો'ક કો'ક વાર."

“દાઝ ન ચડાવીએં, ડાયા! પારકો પરદેશ છેઃ આપણે રિયાં મજૂર : કાં’ક થાય તો સપાઈને આપણા જ વાંકની ગંધ આવે."

તેટલામાં તો ‘‘પિયુ, પે’લી પેસેન્જરમાં આવજો...” નું છેલ્લામાં છેલ્લું નવું લોકપ્રિય નાટક-ગીત ગાતો-ગાતો **બંકડો** પોલીસ આવ્યો અને એક ચીભડું લઈ, કશી ચર્ચા, માથાકૂટ કે લપછપ કર્યા વગર મલપતી ચાલે ચાલ્યો ગયો, ચીભડા ઉપર આંગળીઓથી તાલ દેતો એ નવું કવાલી-ગીત ગાતો ગયો;

જમન અને ઝમકુ એકબીજા સામે જોઈ રહ્યાં. બાઈ તો ઝેર પી ગઈ હતી; હસીને બોલી :

“આય એક તાલ છે ને!” ‘

“તને ઓળખે છે?’’ ધણીની આંખોમાં ઠંપકો હતો.

“તમારું તે ફટકી ગયું છે કે શું?’

“ચાર પૈસાનો માલ આમ ઉપાડીને હાલતો થાય, તોય તું દાંત કાઢે છ : કેમ જાણે તારા પિયરનો સગો હોય!’’

“હવે વાત જાતી કરો....” બાઈએ ધણીના

વાંસામાં હાથ ફેરવ્યો "જોને, તમારાં લૂગડાં એક મહિનામાં મેલાંડાટ થઈ ગયાં છે. આજ સાંજે મારા બાપને ઘેર પહોંચવા દે; ત્યાં ખારોપાટ છે, તે સંધાય લૂગડાં ત્યાં ઘસી-ભૂંસી, ચોળી હડમાનની ફૂઈએ રૂપાળાં ધમધમાવી નાખું. હાલો, મારો વાલો કરું -હવે એકાદ લલકારો કરો જોઉં!"

ધણીના કલેજાની કળ જાણે કે આ સુંવાળાં વચનો વડે ઊતરી ગઈ. '"માતાના સમ! મને શરમ આવે છે.''

"હેચ -નાની વધુ!" કહીને કોમળ કંઠે ઝમકુએ સૂર છેડ્યાઃ "'એ...આ શરબતના કૂંપા લઈ જાવ! આ દૂધિયા માલ લઈ જાવ!"

સાંજ નમતી હતી. વર-વહુના ચહેરા ઉપર પશ્ચિમનાં કેસૂડાં જાણે રંગ ઢોળતાં હતાં. આથમણી દિશાના માળી સૂરજે સીમાડા ઉપર ફૂલ ભરપુર ખાખરાનાં કેસિરયાં વન ખડાં કર્યાં હતાં. વાદળાંઓમાં રમતી વગડાઉ છોકરીઓ એ વન-ફૂલને વેડતી હતી.

"સાંજે આપણે જાય ત્યારે ચારે દિ'ના પૈસા તમારી પાઘડીના માયલી કોરના એક આંટામાં બાંધી લેજો, હો! રસ્તે કાઠીનું ગામ છે......"

"પણ, ઈ તો પાઘડીય નહિ પડાવી લ્યે? રાતા મધરાસીઆની પાઘડી કાંઈ કાઠી એમ મૂકી દેશે?''

"ઠીક ત્યારે, હું મારે કેડો બાંધી લઈશ.'' બકરીને હાંકતાં-હાંકતાં ફરીથી બાઈએ લલકાર કર્યો કે, "એ...આ ઘીના કૂલા લઈ જાવ!"

"કેમ કર્યાં ચીભડાં?" એમ પૂછતો, જવાબની રાહ પણ જોયા વગર એક જુવાન નીચે બેસીને કહે છે કે, "અધમણ જોખો".

"સુમનલાલ!" પેલા ખેસધારી વેપારી સામેની એક ખોજાની દુકાને ઊભા હતા, તેણે આ સુમનલાલને હાથની ઈશારત કરીને બોલાવી લીધા ને કહ્યું, "ઉતાવળ કરો મા. એ છે પરગામનાં. આજ સાંજ પડશે એટલે મફત આપી દઈને પણ ભાગશે, એવાં થાકેલાં છે. તમે થોડી વાર થોભી જાવ. આનાનાં ત્રણ શેર લેખે આખોય લોટ' આપણે ઉપાડીને પછી વહેંચી લેશું." જમન-ઝમકુએ સમજી લીધું : "આપણું ઘરાક ટાળ્યું ઓલ્વે શેઠીએ.''

"મને તો કાંઈનું કાંઈ થઈ જાય છે મનમાં" જમનના ધમધમતા મગજમાંથી જાણે દસ કલ્પનાના માનવી અક્કેક ડાંગ લઈને દોડે છે અને એ વેપારીના ઉપર તૂટી પડે છે.

સુમનલાલ શરમે-શરમે થોડી વાર ઊભા થઈ રહ્યા. એના સલાહકાર ખેસધારી ભાઈ જમન-ઝમકુ સામે જોઈ હસવા લાગ્યા પણ સુમનલાલની અધીરાઈ દેખાવા લાગી, વારંવાર એની નજર પોતાની કાંડા-ઘડિયાળના કાંટા ઉપર પડવા માંડી, ખેસધારી ભાઈએ એને પાંચ-દસ મિનિટ કઢાવી નાખવાના હેતુથી પૂછવા માંડ્યું : "કૉલેજમાં પાછા ક્યારે જવાના છો? કેટલામો નંબર રાખો છો? હવે 'એલ.એલ.બી. થવાને કેટલાં વરસ બાકી? વિલાયત જશો ને? – કે ગાંધી મા'તમ્યામાં ભળશો?"

"જે થાય તે ખરું," એવા ટૂંકા અવાજથી પતાવીને સુમનલાલ પાછો એ જમન-ઝમકુ તરફ વળ્યો. ખેસધારીએ કહ્યું :

"કાં! ઘડીક સાટું શીદ બગાડો છો બાજી"

"મારે મોડું થાય છે."

"વોય ભણેલો! આ વિદ્યા શું લીલું કરવાની હતી?"

સુમનલાલે જઈને કહ્યું : "લ્યો, જોખો અધમણ હું મજૂર બોલાવું."

જમન દરેક પાંચ શેરની ધારણમાં અક્કેક શેર નમતું તોળવા લાગ્યો. એસધારી ભાઈ આવીને ઊભા રહ્યા : "આ બધું તો એકનું એક થયું ને, માળા ગાંડા!"

"કેમ?"

"આટલી નમતી ધારણે તો એ જ હિસાબ થઈ રહે છે : મેં આનાનાં ત્રણ શેર તો માગ્યાં'તા.'' "અમે તો, બાપા રકઝકના કાયર, ચાર દિ'થી સૂકા રોટલા ચાવતાં હોઈએ, ઇ કાંઈ અમનેય થોડું ગમે છે? પેટમાં પાણાની જેમ ખૂંચે છે, ભાઈ!"

ઝમકુ બોલતી ગઈ. જમન જોખતો ગયો. પાંચેક ચીભડાં વધ્યાં. જુવાને કહ્યું : "જોખો એક વધુ ધારણ."

"ના, ઝમકુએ કહ્યું : "ઈમ ને ઈમ નાખી દ્યો. ધારણ નથી કરવી, ભલે ભાઈ લઈ જાતા. તમારાં પેટ ઠરે, બાપા!" જુવાન સુમનલાલને આ જમન-ઝમકુમાં રસ પડ્યો. વર્ડ્ઝવર્થનાં ઊર્મિ-ગીતોમાં કદી આવો રસ નહોતો ઊપજ્યો એણે કૌતુકથી પૂછવા માંડ્યું : "ક્યાંનાં છો? ક્યા વાડા કરો છો? કેટલા મહિનાની મહેનત? શી-શી મુસીબતો? કેટલું રળો? ક્યારે પરણ્યાં છો? કેટલી ઉમ્મર છે બેઉની? આ બાળકને કેમ ધવરાવ્યા જ કરો છો? ટાઢા રોટલા કેમ ખાઓ છો? -આંહી કોઈ ન્યાતીલાઓનાં ખોરડાં નથી?"

દરેક જવાબમાં સુમનલાલે સંધ્યાના રંગો જેટલી જ નિખાલસ સલૂકાઈ દીઠી. વચ્ચે-વચ્ચે વર-વહુના મતભેદનું મીઠું, મર્માળું ટીખળ પણ માળ્યું. પણ આ વર-વહુએ એ વાર્તા દરમિયાન પોતાનો સંકેલો ચાલુ જ રાખ્યો હતો. પછેડી ખંખેરીને એ બંને પોતાની ભાડે રાખેલી વખારમાં ગયાં.

સૂરજ દોડાદોડ ચાલ્યો છે : ક્યાં જાય છે આટલો અધીરો બની ક્યાં જાય છે! પોતાને સાસરે કે પિતૃઘેર-તે તો એ જાણે! પણ એની સાથે આ જમન-ઝમકુ પણ સંવાદ કરી રહ્યાં છે. છોકરાને કેડે ઝાલીને ઝમકુ ધણીને એક હાથે બધી લે મેલ્યમાં સાથ દઈ રહી છે. "આ અલીભાઈની અઢી શેરી દઈ આવો : આ છરી લઈ લ્યો : આ દીવામાંથી ઘાસલેટ ઢોળીને લઈ લ્યો : આ લ્યો : આ કાગળમાં વીંટી લ્યો : આ તાળું વખારના માલેકને આપી આવો : લ્યો, આપણાં લૂગડાંલત્તાંની ને તોલાં-ત્રાજવાંની ફાંટ બંધાવું : સૂંડલો મારે માથે મેલો : અરે, ભાન-મૂલ્યા, ઈંઢોણી તો પે'લી મૂકો!"

દરેક આદેશનું મૂંગું પાલન કરતો ધણી દોડાદોડ કરતો હતો. સુમનલાલ પણ વખારે આવીને

તાલ જુએ છે ; ને બાઈને કહે છે: “તમારું કહ્યું બરાબર ઉઠાવે છે, હો!”

“ઉઠાવે નહિ, ભાઈ ? ઊના-ઊના રોટલા જમવા છે. આજ મારી માના હાથના : ખરું ને, એલા’’

જમનના વ્યસનહીન રાતા હોઠ મરકતા હતા.

“પાછા આ વખતે તો અમારે સરમાણિયાને મેળે જવું છે : કાં ને, એલા ?’

જુવાનની આંખોમાં આ બધી વાતોની ‘સેંકશન’ થકી આનંદના દીવા રમવા લાગ્યા.
પેલા પૈસધારી ભાઈ ક્યાંઈક આંટો દઈને પાછા આવ્યા

“કાં, સુમનલાલ! શાક ક્યાં?”

“ક્યારનું ઘેર પહોંચડાવી દીધું, મજૂર ભેળું.”

“ઠીક; મજૂરને પણ ઘરનું બે ટંકનું શાક નીકળશે! ને તમે તો બહુ રોકાણા! કાંડા ઘડિયાળના કાંટા ખોટકી ગયા કે શું?”

એ મર્મમાં હ્રદયની તમામ દુર્ગંધ હતી.

સુમનલાલે કહ્યું : “હું તો જોઈ રહ્યો છું, કે આ લોકોનું કેવું સાચું સહિયારું જીવન છે!”

“કૉલેજમાં આવું નહિ શિખવાડાતું હોય, ખરું? વાણિયાના દીકરાઓની નિશાળ શાકપીઠમાં ખોલાવવા જેવું છે કેમ, નહિ?' “હા, સટ્ટાબજારમાં તો નહિ જ…’’

“બરાબર છે : ત્યાં બાઈઓ ન મળે ખરી ને!”

“એટલે જ આપણે પાંગળા છીએ ને? બાઈઓ રસોડે આપણા મહેમાનો સારુ ઊની-ઊની રોટલી જ ઉતાર્યા કરે છે!” દરમિયાન જમન-ઝમકુ પરવારી રહ્યાં. વહુએ માથા પર ગાંસડીવાળો સૂંડો ચડાવી લીધો, ધણીએ છોકરાને ખભે ચડાવ્યો. છોકરો બાપના માથે માથું ઢાળીને ત્યાં ને ત્યાં જ ઊંઘી ગયો.

“લ્યો, બાપા, રામરામ! તમારે પરતાપે વે'લા વે'લા અમે ઊના રોટલા ભેગાં થઈ જાશું."





વર્ધન શાહ

# ઇ-રૂપીઃ સરકારી યોજનાઓનો ભ્રષ્ટાચાર ખતમ થશે?



- હવે સરકાર બેંકખાતામાં પૈસા નાખવાને બદલે લાભાર્થીના મોબાઇલમાં વાઉચર મોકલાવી દેશે, જેનો ઉપયોગ માત્ર જે-તે યોજનાના લાભ માટે જ થઈ શકશે.
- ઇ-રૂપીને ડિજિટલ કરન્સી ન સમજતા, તે વાઉચર છે.
- ભારતમાં 76 કરોડ લોકો પાસે સ્માર્ટફોન છે, વધુમાં વધુ વહીવટ ઑનલાઇન કરીને પારદર્શિતા લાવવાનો આ યોગ્ય સમય.

સી-ફોર નામની એજન્સીએ કરેલા એક સર્વેક્ષણમાં ૭૧ ટકા ગ્રામજનોએ એવું કહ્યું કે, સરકારી યોજનાઓમાં અતિશય ભ્રષ્ટાચાર ચાલે છે. ૩૦ ટકાએ યોજનાગત લાભ માટે પૈસા ખવડાવ્યા હોવાની પણ કબૂલાત કરી. રાજીવ ગાંધીના સમયમાં સરકાર એક રૂપિયો ખર્ચે ત્યારે માત્ર ૧૫ પૈસા છેવાડાના માનવી સુધી પહોંચતા હતા, વચ્ચે ૮૫ પૈસા ચાઉં થઈ જતા. આજે સ્થિતિ બદલાઈ છે, પણ ભ્રષ્ટાચારનો અંત આવી ગયો છે એવું કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી. ચૂંટણીમાં દાવા કરવામાં આવે એ અલગ વાત છે, કિન્તુ જમીની હકીકત સૌ કોઈ જાણે છે. સરકારી યોજનામાં ભ્રષ્ટાચાર થતો હોય ત્યારે ન તો જમીન પરના માણસને કોઈ લાભ થાય છે, ન તો સરકારને. તેવું ન થાય તે માટે મોદી સરકારે એક નવી પહેલ કરી છે, જેણે આશા જગાવી છે કે સરકારી યોજનામાંથી ભ્રષ્ટાચાર નહીંવત થઈ જશે.

કેન્દ્ર સરકારે ઈ-રૂપી નામથી કેશલેસ ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થા લોન્ચ કરી છે. આ વ્યવસ્થા વ્યક્તિ અને હેતુ આધારિત છે. ભારતમાં અત્યારે ૭૬ કરોડ લોકો સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે. ગામડાંના લોકો પણ હવે ઓનલાઈન પેમેન્ટ કરતા થઈ ગયા છે. અભણમાં અભણ વ્યક્તિના ઘરમાં

પણ કમસેકમ એક વ્યક્તિ તો એવી હોય જ છે જે મોબાઈલ થકી પેમેન્ટ કરવાની અને સ્વીકારવાની સમજણ ધરાવે છે, ત્યારે કેશલેસ ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થા સફળ નીવડવાની સંભાવના ખૂબ વધારે છે.

ઈ-રૂપી કઈ રીતે કામ કરે છે એ સમજવા જેવું છે. ઈ-રૂપી વાઉચર આધારિત વ્યવસ્થા છે. તમારી પાસે બિગ બાઝારનું પાંચસો રૂપિયાનું વાઉચર હોય તો તમે ત્યાં જ તે ખર્ચી શકો, અન્યત્ર નહીં. એમેઝોનનું વાઉચર હોય તો એમેઝોનની વેબસાઈટ પર જ ખર્ચી શકાય અન્યત્ર નહીં. એવું જ આ ઈ-રૂપીનું છે. સરકાર અત્યારે મોટાભાગની યોજનાઓમાં ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર કરે છે. સીધા બેંકમાં પૈસા નાખે છે, પણ ત્યાંય બે પ્રકારની સમસ્યા તો નડે જ છે. પહેલી સમસ્યા બેંકની અમલદારશાહીની નડે છે, અને બીજી સમસ્યા  લાભાર્થીની પોતાની હોય છે. જે-તે યોજના માટે મળેલા પૈસા લાભાર્થી અન્યત્ર ખર્ચી નાખે તો તેનાથી જે ફાયદો થવો જોઈએ તે થતો નથી.  જે હેતુથી તે પૈસા આપવામાં આવેલા હોય તે હેતુ મરી જાય છે. અત્યારે સરકાર જુદી-જુદી ૩,૦૦૦ યોજનામાં રૂપિયા ૧૭.૫૦ લાખ કરોડ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર કરે છે. ઈ-રૂપી તેના કરતાં પણ એક ડગલું આગળ જઈને કામ કરશે.

દાખલા તરીકે સરકાર દેશના ખેડૂતોને બિયારણ માટે સહાય આપવા માગે છે તો હવે તેના ખાતામાં પૈસા નહીં નાખે, પરંતુ, તે ખેડૂતના આધારકાર્ડ સાથે સંલગ્ન મોબાઈલ નંબરમાં એક વાઉચર મોકલી આપશે. એ વાઉચર જે-તે ખેડૂતના નામનું જ હશે, અને તેનો ઉપયોગ ફક્ત ને ફક્ત બિયારણ ખરીદવા માટે જ થઈ શકશે. બિયારણ માટે સરકારે માન્ય કરેલી દુકાન ખાતે જ તે વાઉચર રિડીમ થઈ શકશે.


આવી જ રીતે એલપીજી, રેશન, મેડિકલ ટ્રીટમેન્ટ, પેન્શન અને શિષ્યવૃત્તિ સહિત વિવિધ યોજનાઓ માટે આ રીતે કેશલેસ સહાય મેળવી શકાશે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર એટલે કે  લાભાર્થીના ખાતામાં સીધા પૈસા નાખ્યા પછી પણ સરકારને ખબર પડતી નહોતી કે તેમણે આપેલા પૈસા લાભાર્થીએ ક્યાં ખર્ચ્યા? હવે પડશે. ગત જૂલાઈ મહીનામાં દેશમાં ૩૦૦ કરોડ યુપીઆઈ વ્યવહારો થયા છે. યુપીઆઈ થકી રૂપિયા ૬ લાખ કરોડની ચૂકવણી થઈ છે. દેશમાં ઓનલાઈન આર્થિક વ્યવહારો આટલા બધા વધી ચૂક્યા છે ત્યારે ઈ-રૂપી વાઉચર વ્યવસ્થા લાગુ કરવાનો આ બિલકુલ યોગ્ય સમય છે.

આ વ્યવસ્થા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, નાણાંકીય સેવા વિભાગ, આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય તથા રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ દ્વારા મળીને તૈયાર કરવામાં આવી છે. ટી.બી. નિવારણ કાર્યક્રમ, માતા અને શિશુ કલ્યાણ યોજનાઓ, દવા અને નિદાનની યોજનાઓ જેમ કે આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના, ખાતર સબસીડી સહિત વિવિધ યોજનાઓ માટે ઈ-રૂપીનો ઉપયોગ થશે.

ઈ-રૂપી ડીજીટલ રૂપિયો નથી, પણ ડિજિટલ રોકડ છે, જેનું ફિઝીકલ કેશ અથવા બેંક બેલેન્સમાં રૂપાંતર અમુક બેંકો થકી જ થઈ શકશે અને તે પણ યોજનાઓનો લાભ આપનારી એજન્સીઓ જ કરાવી શકશે. એક વ્યક્તિ બીજા વ્યક્તિ સાથે ઈ-રૂપીમાં લેવડદેવડ નહીં કરી શકે એ ખાસ સમજવું જોઈએ. આ વ્યવસ્થા માત્ર ને માત્ર અમુક વ્યક્તિ અને અમુક સંસ્થા માટે જ હશે.

માત્ર સરકાર જ ઈ-રૂપી વાઉચર જનરેટ કરી શકશે એવું નથી, ખાનગી કંપનીઓ પણ કરી શકશે. જેમ કે કોઈ કંપનીને એમ થયું કે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલિટીના ભાગરૂપે કંપનીના તમામ કર્મચારી અને તેના પરિવારજનોને કંપની તરફથી રસી અપાવવી છે તો તે તમામ કર્મચારી અને તેમના પરિવારજનોના નામના ઈ-રૂપી વાઉચર જનરેટ કરી શકશે અને એ વાઉચરનો ઉપયોગ અગાઉથી ઠરાવવામાં આવેલી હોસ્પિટલમાં જ થઈ શકશે. આવા જ વાઉચર શોપિંગ માટે જનરેટ કરી શકાય, અન્ય કોઈ હેતુ માટે જનરેટ કરી શકાય. આનો સૌથી મોટો ફાયદો એ છે કે લાભાર્થીને ફરજિયાતપણે તેનો ઉપયોગ જે-તે લાભ મેળવવા માટે જ કરવાનો રહેશે, અને લાભ આપનારનો હેતુ પણ સિદ્ધ થશે. તેના પૈસા વેડફાશે નહીં જે-તે કામમાં ખર્ચાશે.

બીજા અનેક દેશોમાં હાલ આ પ્રકારની પેમેન્ટ વ્યવસ્થા અમલી છે. અમેરિકન સરકાર જે વિદ્યાર્થીના ભણતરનો ભાર ઉપાડવા માગતી હોય તેના ખાતામાં પૈસા નાખવાને બદલે તેને શિક્ષણ વાઉચર અથવા સ્કૂલ વાઉચર આપી દે છે. તેનો ઉપયોગ શાળાની ફી



ભરવા સિવાય બીજે ક્યાંય થઈ શકતો નથી. અમેરિકા ઉપરાંત કોલંબિયા, ચીલી, સ્વીડન અને હોંગકોંગમાં આવી વાઉચર વ્યવસ્થા અમલમાં છે.

સરકારી યોજનાનો હેતુ ગરીબોને ગરીબીમાંથી ઊંચા લાવવાનો હોય છે. ભ્રષ્ટાચારને કારણે તેમને યોજનાનો લાભ મળતો નથી અને તેઓ આજીવન ગરીબ રહી જાય છે, બીજી બાજુ ગરીબો ઊંચા ન આવવાના કારણે યોજના નિષ્ફળ જાય છે સરકારની મહેનત પાણીમાં જાય છે. વર્ષો સુધી સરકાર સહાય જાહેર કરતી રહે છે અને વર્ષો સુધી પૈસા વેડફાતા રહે છે, ચાઉં થતાં રહે છે.

ઈ-રૂપી આ દૂષ્યક્ર અટકાવશે તેવો અંદાજ છે. તેનાથી ગરીબી નિવારણની દિશામાં મહત્ત્વપૂર્ણ કામગીરી થઈ શકે છે. કોઈપણ દેશ વિકાસશીલમાંથી વિકસિત ત્યારે જ બને છે જ્યારે સરકાર શિક્ષણ અને આરોગ્ય પાછળનો ખર્ચ વધારે. ઈ-રૂપી થકી સરકાર શિક્ષણ અને આરોગ્ય પાછળ ખર્ચ તો કરશે જ, સાથોસાથ તે ખર્ચ ચોક્કસ વ્યક્તિ સુધી પહોંચવાથી તેનો નક્કર લાભ પણ મળશે. ઇ-રુપીનો રણકાર કેવોક છે તે તો આગામી દિવસોમાં જ ખબર પડશે.

**ઇંડિયાની પોતાની ડિજિટલ કરન્સી શા માટે નહીં?**

ઈતિહાસમાં ૨૧મી સદીની બીજી શતાબ્દીનો ઉલ્લેખ નાણાકીય જગતમાં ક્રાંતિ લાવનારા દાયકા તરીકે થશે. કોઈને કલ્પના નહોતી કે જેના માલિકનું નામ ગુપ્ત છે એવો એક વર્ચ્યુઅલ સિક્કો નામે બિટ કોઈન ગોલ્ડ, પ્લેટિનમ અને પેટ્રોલ કરતા પણ સેંકડો ગણી મોંઘી જણસ બની જશે. આજે ૨,000 કરતા વધારે ક્રિપ્ટો કરન્સીઝ છે અને તેનું વૈશ્વિક માર્કેટ ૧.૨ ટ્રિલિયન ડોલરનું છે. ક્રિપ્ટો તો એક પ્રકારની ટેકનોલોજીનું નામ છે. એ સિવાયની પણ ડિજિટલ કરન્સીઝ હોઈ શકે છે.

ક્રિપ્ટો કરન્સી માર્કેટની વિશેષતા એ છે કે તેમાં વચ્ચે કોઈ મધ્યસ્થ બેંક નથી. તેમ છતાં તેની લોકપ્રિયતા આટલી બધી છે તેનો અર્થ એ થયો કે હવે લોકો ડિજિટલ મની ઇચ્છે છે. ક્રિપ્ટો કરન્સીને લોકો સોના-ચાંદી જેવી મિલકત માનવા લાગ્યા છે ત્યારે ભારત સરકારે આ પ્રવાહથી અલિપ્ત રહેવું જોઈએ નહીં. આરબીઆઈએ ક્રિપ્ટો અથવા અન્ય પ્રકારની ડિજિટલ કરન્સી લોન્ચ કરવાનો સમય પાકી ગયો છે ને મુહૂર્ત વીતી રહ્યું છે.



હીરલ વ્યાસ

# તરસ



રેતીનું તોફાન આવતું ને ફળિયામાં રેતી-રેતી કરતું જતુ. રેતી'યે તોફાની હોય એવું અહીં આવ્યા પછી જ ખબર પડેલી. વારે-વારે આંગણું વાળવુ પડતું. ગમે તેટલું કરો, રેતી અંદર ધસી આવતી.

રેવતી અહીં જન્મી નહોતી, પણ લગ્ન કરીને આવેલી. જાણે કોઈએ સજા આપી હોય એવું લાગતું - સ્ત્રી હોવાની સજા, લીલોતરીમાં રહેવાની સજા. ખેતરોમાંથી રસ્તો શોધતાં-શોધતાં જાણે અચાનક આ સૂકા ભઠ્ઠ પ્રદેશમાં પહોંચી ગઈ હોય એવું લાગતું. બેડા ભરવા જતી ત્યારે લાગતું કે 'આ પાણી આવ્યું', પણ હાથ લાગતો ખાલી આભાસ. સવારે બેડા ભરીને આવતી ત્યારે રસ્તામાં પાણી છલકાતું. છલકાયેલું પાણી તરસી રેતી તરત શોષી લેતી. પણ રેતી ધરાતી નઈ. રેતી આખો દિવસ તડકામાં તપતી.

બેડા ભરવા સાથે આવતી એકાદ સખી ક્યારેક કહેતી પણ ખરી, "આ રેતીની તરસ કેમની મપાય?"

ત્યારે સહસા જ બોલી જવાયેલું, "એ તરસી રેતીને જ પુછો."

ટોળામાંથી એક જણે આ વાત એના ચહેરા પર વાંચી. જાણે તરસને રેતીનું સરનામું મળી ગયુ.

રેતી જેવો એક ખરબચડો હાથ કમખાની દોરી પાર કરીને પીઠ પર ફરવા લાગ્યો. રેતીમાં ફરતું ઊંટ પણ ક્યારેક ઊભુ રહે પણ આ હાથ થોભતો નહીં. પરણીને આવી ત્યારથી આ હાથ આમ જ ફરતો. રેતીના દરેક ઢુંવા પાર કરતું ઊંટ ચાલે ને પછી થાકે એટલે મોઢે સફેદ ફીણ વળે એવું જ! એ હાથ, તરસ છીપાય એટલે રેતીમાં પડેલા પાણીની જેમ શોષાઈ જતો. તોફાન આવતું ને શમી જતું, પણ એનાથી રેતીને કશો ફરક પડતો નહીં. હાથમાં આવતો ખાલી આભાસ. ક્યારેક થતું કે રણમાં ઊગતાં થોર આ પીઠ પર પણ ઊગતાં હોય તો કેવું સારું!

એક દિવસ રેતીનું તોફાન આંગણુ ઓળંગીને ઘરમાં આવ્યુ. બહારથી આવેલી રેતીની ભીનાશ તરસી રેતીમાં ઊતરતી રહી. રેતી રેતીને જ ભીંજવતી રહી. સુકા ભઠ્ઠ પ્રદેશમાં એક મીઠી વીરડી મળી હોય એમ લાગતું. રણની સૂકી હવમાં'ય તાજગી લાગી. રેતીને રેતીની તરસ ખબર હતી. સુકાપણાની સજા ખબર હતી ને એટલે જ કદાચ મન મૂકીને હેતના વરસાદમાં ભીંજાતી હતી. ઘરના કણ-કણમાં રેતી પેસી ગઈ. સૂકી હવામાં શ્વાસ ભરતી ગઈ. એ શ્વાસથી જ રેવતી જીવતી રહી.

આજે બારણે આવેલું બીજુ તોફાન અંદર આવવાની તૈયારીમાં હતું. રેતી એનાથી અજાણ હતી.






# વરસાદી મોટિવેશન



અનંત ગોહિલ



ક્યારેક કોઈ નાનામાં નાની વસ્તુ કે નાનકડી એવી કોઈ વાત પણ આપણને જીવન જીવી જવાનું જોમ પૂરું પાડી દેતી હોય છે. આજે જ્યારે મોટિવેશનલ પુસ્તકો અને ગુરુઓનો રાફડો ફાટ્યો છે એવા સમયમાં આ વરસાદી માહોલને પણ જો આપણે અંતરની આંખોથી માણીએ તો એ પણ આપણને જીવી જવા માટેનું ચાલકબળ પુરું પાડી જ આપે છે. ચાલો, માણીએ અમુક એવા વિચારો, જે વરસતાં વરસાદમાં તમને મોટિવેશનથી ભીંજવી નાખે!

૧. મુશળધાર વરસાદ વરસતો હોય અને ખાડા-ખાબોચિયાંવાળા રસ્તા ઉપરથી આપણે કોઈ વાહન લઈને પસાર થતા હોઈએ ત્યારે આગળ જતાં વાહન પર કેટલું ધ્યાન રાખીયે છીએ! રખેને આગળ કંઈક મુશ્કેલ ભર્યો ખાડો આવે તો આગળવાળાને જે થવું હોય એ થાય, પરંતુ આપણે બચી જઈએ, જીવનમાં એમ જ બીજાની ભૂલોમાંથી શીખતાં જઈને સાવચેતીથી પણ મક્કમ પગલે આગળ વધવું જોઈએ, જરૂરી નથી કે અનુભવ મેળવવા માટે આપણે પણ એ જ ભૂલ કરવી જે આપણને ખબર છે કે બીજા કરી ગયા છે. જીવનમાં શીખવું જરૂરી છે, પણ એવું બિલકુલ જરૂરી નથી કે ભૂલ કરીને જ શીખવું!

૨. ખાડા-ખાબોચિયાં વાળા રસ્તા પર વાહન ચલાવતી વખતે, આપણે જેમ વાહન શાંતિથી, જ્યાં થોડો સમથળ રસ્તો હોય અથવા જ્યાંથી વાહન અને પોતાને ઓછામાં ઓછી અગવડ પડે તેવી રીતે ચલાવતા હોઈએ છીએ, બરાબર એમ જ જીવનમાં પણ નિષ્ફળતા, અપમાન, તિરસ્કાર, દગો, અશાંતિ જેવા ઘણાં ખાડાઓ આવશે અને આવવાના જ છે, ત્યારે બધી મુશ્કેલીઓ માં પણ એક રસ્તો તો નીકળતો જ હશે જે ઓછો કષ્ટદાયી હશે. આપણે ધ્યાન આપવાનું છે માત્ર સારી વાતો પર, સારા

ગુણો, સારી ટેવો પર, જો એટલું પકડી રાખીને આગળ વધશું તો સારો માર્ગ ટૂંક જ સમયમાં આવી જશે અને ઉતાવળ કરવા ગયા ને કોઈ ખાડો આવી ગયો તો...!

૩. જેમ આછો-આછો વરસાદ આવતો હોય તો પલળવાનું મન ન થાય, અને મુશળધાર વરસાદ આવતો હોય તો કોઈ પલળવા જાય નહીં, વરસાદ સપ્રમાણ હોય તો જ ભીંજાવાની મજા આવે! જીવનમાં પણ બધું સપ્રમાણ રહે તો જીવવાની મજા આવે, કોઈ વાર કામ વધી જાય તો પણ તકલીફ પડે અને કોઈ વાર મજા-મસ્તી ઓછી થઈ જાય તો પણ તકલીફ પડે. પણ જો કામ અને મજા-મસ્તી બન્ને સપ્રમાણ રહે તો! તો જીવનમાં જલસો જ જલસો રહે.

૪. વરસાદ ના આવતો હોય અને કોઈ કામથી બહાર નીકળ્યા હોઈએ અને અચાનક વરસાદ આવવા લાગે અને એ પણ સાંબેલાધાર, તો આપણે કોઈ વરસાદથી રક્ષણ આપે એવી જગ્યાએ થોડી વાર માટે ઉભા રહી જઈએ છીએ, એ આશાએ કે થોડી વારમાં વરસાદ થોડો ધીમો પડે તો આપણે જે કામથી નીકળ્યા છીએ તે થઈ જશે, જીવનમાં પણ ઘણી વાર એવું બનશે કે કોઈ કામ અતિ મહત્વનું હશે અને એમાં જ પારાવાર મુશ્કેલીઓ આવશે ત્યારે બસ આપણે ધીરજ રાખીને એ મુશ્કેલીભર્યો સમય કોઈ મિત્રતા, પરિવાર કે અધ્યાત્મરૂપી કવચ નીચે ઉભું રહી જવાનું છે. એ સમય નીકળી જશે એટલે આપણું કામ પણ થઈ જ જશે એ નક્કી!

૫. જેમ વરસાદી પાણીનો સંગ્રહ કરીને રાખ્યો હોય તો સમગ્ર વર્ષ દરમિયાન તમે તેનો ઉપયોગ કરી શકો તેવી જ રીતે કોઈ સારી આદતો, કોઈ સારી વાતો, કોઈ સારાં પુસ્તકોનો સંગ્રહ કરીને રાખ્યો હશે તો જીવનમાં ક્યારેક ને ક્યારેક તો એ લાભદાયી નીવડશે જ!

૬. સોસાયટીમાં વરસાદના પાણી ભરાઈ ગયા હોય ત્યારે વડીલ વર્ગ સરકારને, મ્યુન્સિપલ કોર્પોરેશન સારું-ખોટું સંભળાવશે જ્યારે બાળકો એ જ પાણીમાં છબછબિયાં કરીને રમતા હશે! જીવનમાં જો માત્ર બાળક બની જતાં આવડી જાય તો પણ મોટામાં મોટા પ્રશ્નો ચુટકી વગાડતાં 'સોલ્વ' થઈ જાય. બાળક બની જવું એટલે સરકારની નિષ્ફળતાઓને અવગણવી એવું



બિલકુલ નહીં, પરંતુ અત્યારે તો તકલીફ પડી જ ગઈ છે, અત્યારે કદાચ લાખ પગલાં ભરશો તો પણ પાણી ઉતરવાનું નથી એ સનાતન સત્ય છે, એકવાર બધું સમુસુતરું પાર ઉતરી જાય પછી આ પાણી ભરાઈ જવા પાછળના તત્વોને શોધી શોધીને જવાબ માંગો અને મામલો થાળે પાડો, પણ જ્યારે ઘટના બની જ ગઈ છે ત્યારે બાળક બનીને એ આપત્તિને અવસર તરીકે કેમ ના વધાવી લઈએ!

૭. ચોમાસામાં જેમ હિલ-સ્ટેશનો પર પ્રકૃતિ સોળે કળાએ ખીલી હોય છે કે જે પણ ત્યાં જાય તાજગીથી તરબતર થઈ જાય, મનથી શાંતિ પામી જાય અને કામનો થાક ઉતરી જાય. એવી જ રીતે આપણે પણ કોઈનું ચોમાસું કે આપણે પણ કોઈનું હિલ-સ્ટેશન બની શકીએ તો કેવું સારું! કોઈ આપણને જોતાંવેંત ફ્રેશ થઈ જાય, કોઈને કામ કરવાનો મૂડ આવી જાય, કોઈને જીવન જીરવવાં કે જીવવા જેવું લાગવા લાગે તો આપણું જીવેલું સાર્થક ગણાશે. મધર ટેરેસા કહે છે કે, જે જીવન બીજા માટે નથી જીવાયું, એ જીવન ખરેખર જીવન જ નથી!



પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો અંગ્રેજી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

**(૪) કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે: pankhemagazine@gmail.com**

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો મેઇલ દ્વારા જ જાણ કરવામાં આવશે. અન્ય માધ્યમોમાં એ વિશે પૃચ્છા કરવી નહીં.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

(૮) કૃતિનો સ્વીકાર થાય તો તમને મેઈલ મળી જશે. જો એ માટે વિલંબ થાય ને તમે અન્ય માધ્યમોમાં આપો, તો પણ વાંધો નહિ. એ માટે તમારે અમને જાણ કરવી જરૂરી નથી. કારણ કે જ્યારે પણ અમે નક્કી કરીશું કે હવે આ કૃતિ અમારે મુકવી છે, તો એ પહેલા અમે મેઈલ કરીશું જ. આપનો જવાબ નહિ આવે ત્યાં સુધી નહિ મૂકીએ.

(૯) સામાન્યતઃ એવો નિયમ હોય છે કે કૃતિ એક કરતાં વધુ જગ્યાએ મોકલો, તો જ્યાંથી વહેલો જવાબ આવે, એ સિવાયની જગ્યાએ સર્જકે જ સામેથી જાણ કરવાની હોય છે. પણ અમે એ કામ સર્જક માટે આસાન બનાવ્યું છે. અમે પૂછીએ અને જો તમારી કૃતિ બીજે ના સ્વીકારાયી હોય તો અમે પછી સ્વીકારીએ છીએ.

## પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન




**આપને 'પંખ'નો આ અંક કેવો લાગ્યો ?**
**આપના પ્રતિભાવો WhatsApp દ્વારા આપવા માટે અહીં ક્લિક કરો.**

**https://wa.me/916355953355**

પંખ e-magazine
WhatsApp contact

# ટીમ 'પંખ'

## યાજ્ઞિક વઘાસિયા

## કેયુર દુધાત

## અનંત ગોહિલ

## વિરલ જોશી

## હોઝેફા અગવાન

## ધ્રુવિલ ચોડવડીયા

## મિહીર ગેડીયા

---

"જો વરસાદ આપણી પિકનિક ખરાબ કરે, પણ કોઈ ખેડૂતનો પાક બચાવે, તો આપણે એવું કહેનાર કોણ કે, વરસાદ વરસવો જ ના જોઈએ?"

- ટોમ બેરેટ

# આ અંકમાં સહભાગી કલમો

ઝવેરચંદ મેઘાણી
સુરેશ દલાલ
ડૉ. રંજન જોષી
તેજલ શાહ
હીરલ વ્યાસ
બંસરી જોષી
અર્ચિતા દીપક પંડ્યા
વર્ધન શાહ

---

# ફોટોગ્રાફી

**અમિત સોલંકી (ફ્રન્ટ કવર)**

https://instagram.com/vasco_di_gama_?igshid=YmMyMTA2M2Y=

**ભરત બામણીયા (બેક કવર)**

https://instagram.com/rakhdu__?igshid=YmMyMTA2M2Y=

